# માનવીય ભૂલને કારણે 1300 એકરનું સરોવર ગાયબ!

કલ્પના કરો કે તમે જમીનથી લગભગ 1500 ફૂટ નીચે આવેલી મીઠાની ખાણમાં કામ કરી રહ્યા છો અને અચાનક ધરતીના પેટાળમાંથી ભયાનક અવાજ સંભળાય છે. થોડી જ ક્ષણોમાં કાદવવાળું પાણી ગોળીઓની ઝડપે ટનલોમાં ઘૂસવા લાગે છે. બચવા માટે તમારી પાસે ગણતરીની મિનિટો છે! સાંભળવામાં આ કોઈ હોલિવૂડની ડિઝાસ્ટર ફિલ્મનો સીન લાગે, પણ અમેરિકાના લુઈસિયાનામાં બનેલી આ ઘટના હકીકત છે. 20 નવેમ્બર, 1980ના રોજ બનેલી આ ઔદ્યોગિક દુર્ઘટનાએ એક આખા સરોવરનો નકશો બદલી નાખ્યો હતો.

નીચે આવેલી ડાયમંડ ક્રિસ્ટલ સોલ્ટ માઇન હતી. આ ખાણમાં 1919થી મીઠું કાઢવામાં આવતું હતું. જમીનની અંદર આશરે 800થી 1500 ફૂટની ઊંડાઈએ ફેલાયેલી આ ખાણમાં વિશાળ ટનલ હતી. મીઠાના જાડા થરો અને તેમને ટેકો આપતા મીઠાના થાંભલાઓના આધારે ખાણની રચના કરવામાં આવી હતી.

પડ્યું. મેન્ટેનન્સ કર્મચારી રુડી લાસાલે પાછળ કોઈ રહી ગયું નથી તેની ખાતરી કરવા જોખમ લીધું. કામદારોની તાલીમ, શિસ્ત અને સમયસર લેવાયેલા નિર્ણયોને કારણે તમામ 55 કામદારો સુરક્ષિત બહાર નીકળી ગયા. આ દુર્ઘટનામાં એક પણ વ્યક્તિનું મૃત્યુ ન થયું એ ખરેખર ચમત્કારથી કમ નહોતું.



અમેરિકાના લુઈસિયાના રાજ્યમાં મેક્સિકોના અખાત નજીક આવેલું લેક પેન્યોર મીઠા પાણીનું સુંદર સરોવર હતું. લગભગ 1300 એકરમાં ફેલાયેલા આ સરોવરમાં માછીમારી અને બોટિંગ માટે પ્રવાસીઓ આવતા હતા. તેની સરેરાશ ઊંડાઈ આશરે 10 ફૂટ હતી. પરંતુ આ શાંત સરોવરના પેટાળમાં કુદરતનું એક એવું રહસ્ય છુપાયેલું હતું, જેની જાણ હોવા છતાં માનવીય ગણતરીની એક ભૂલ ભારે પડી ગઈ. 20 નવેમ્બર, 1980ની સવારે ટેક્સાકો કંપનીનું ઓઈલ ડ્રિલિંગ પ્લેટફોર્મ સરોવરની વચ્ચે કામ કરી રહ્યું હતું. એન્જિનિયરો જમીનની અંદર તેલની શોધમાં ડ્રિલિંગ કરી રહ્યા હતા. લગભગ 1200થી 1300 ફૂટની ઊંડાઈએ ડ્રિલ બિટ ફસાઈ ગયું. તેને બહાર ખેંચવાના પ્રયાસ દરમિયાન પ્લેટફોર્મ નમવા લાગ્યું. જોખમ સમજાતાં કામદારો બોટ દ્વારા કિનારે ભાગી ગયા. ગણતરીની મિનિટોમાં વિશાળ ઓઈલ રિગ સરોવરમાં ગરકાવ થઈ ગઈ.

**માણસની એક નાનકડી ભૂલ જ્યારે કુદરતની ગણતરી સાથે અથડાય છે, ત્યારે તેનું પરિણામ આવી ભયાનક તબાહી જ હોય છે!**

**ઐતિહાસિક ઘટનાઓ**

ત્યાર બાદ સરોવરની વચ્ચે ભયાનક વમળ સર્જાયું. આસપાસનાં 11 વિશાળ માલવાહક જહાજ, ટગબોટ્સ, વૃક્ષો, પાર્કિંગ લોટ અને નજીકના બોટેનિકલ ગાર્ડનનો કેટલોક ભાગ પણ તેમાં ખેંચાઈ ગયો. જાણે ધરતીને અચાનક ભૂખ લાગી હોય અને તેણે આસપાસની દરેક વસ્તુને ગળી જવાનું નક્કી કર્યું હોય! આ વિનાશનું અસલી કારણ સરોવરની

પરંતુ મીઠાની એક ખાસિયત છેઃ પાણીના સંપર્કમાં આવતાં તે ઓગળવા લાગે છે. ડ્રિલિંગ દરમિયાન ખાણની છતમાં કાણું પડતાં સરોવરનું પાણી સીધું ખાણમાં ધસી ગયું. શરૂઆતનું નાનું કાણું ધીમે ધીમે વિશાળ પ્રવેશદ્વાર બની ગયું. પાણી મીઠાને ઓગાળતું ગયું, થાંભલાઓ નબળા પડ્યા અને ઉપરની જમીન ધસી પડવા લાગી.

જ્યારે સરોવરની સપાટી પર આ વિનાશ સર્જાઈ રહ્યો હતો, ત્યારે ખાણની અંદર 55 કામદારો પોતાની શિફ્ટમાં કામ કરી રહ્યા હતા. ઇલેક્ટ્રિશિયન જુનિયસ કેડિસને પાણીનો અસામાન્ય અવાજ સાંભળ્યો અને કાદવવાળું પાણી ટનલમાં ઘૂસતું જોયું. તેમણે ઇમરજન્સી સિગ્નલ આપતાં જ ખાણ ખાલી કરવાની કામગીરી શરૂ થઈ. લિફ્ટમાં મર્યાદિત લોકો જ એકસાથે જઈ શકતા હોવાથી દરેક સેકન્ડ કિંમતી હતો. કેટલાક કામદારોએ પાણીના પ્રવાહની સામે ઇલેક્ટ્રિક કાર્ટ ચલાવીને લિફ્ટ સુધી પહોંચવું

આશરે 3 કલાક દરમિયાન અબજો ગેલન પાણી ખાણમાં ધસી ગયું. પાણીના ભારે પ્રવાહથી ખાણની અંદરની હવા દબાઈ અને કાટમાળ સાથે પાણી ઊંચે ફૂવારાની જેમ બહાર ફેંકાયું. આ તરફ સરોવરમાં પાણીનું સ્તર ઘટતાં મેક્સિકોના અખાત સાથે જોડાતી ડેલકમ્બ્રે કેનાલનો પ્રવાહ ઊંધો વળ્યો. સામાન્ય રીતે સરોવરમાંથી બહાર જતું પાણી હવે સમુદ્ર તરફથી પાછું સરોવરમાં આવવા લાગ્યું. ખાલી થયેલા વિશાળ ખાડામાં ખારા પાણીનો પ્રવેશ શરૂ થયો. લગભગ 40 કલાકમાં પાણીનું સ્તર ફરી સંતુલિત થયું. ડૂબેલા કેટલાક વિશાળ માલવાહક જહાજ અંદર ફસાયેલી હવાના દબાણને કારણે ફરી સપાટી પર આવી ગયા. જે સરોવર એક સમયે છીછરું અને મીઠા પાણીનું હતું, તે હવે આશરે 200 ફૂટ ઊંડા ખારા પાણીના સરોવરમાં પરિવર્તિત થઈ ગયું. તેની ઇકોસિસ્ટમ અને જળચર જીવન પણ બદલાઈ ગયાં.

તપાસમાં ડ્રિલિંગના સ્થાન અને ખાણની સ્થિતિ વચ્ચેની ગણતરીમાં થયેલી ભૂલ મહત્ત્વપૂર્ણ કારણ તરીકે સામે આવી. ડ્રિલિંગની કામગીરી ખાણની નજીક નહીં, પરંતુ તેની ઉપરના જોખમી વિસ્તારમાં પહોંચી ગઈ હતી. પરિણામે ડ્રિલિંગથી ખાણની છતને નુકસાન થયું અને સરોવરનું પાણી અંદર પ્રવેશ્યું.

લેક પેન્યોરની આ ઘટના વિજ્ઞાન અને ટેક્નોલોજીની મર્યાદા વિશે મોટો પાઠ આપે છે. આધુનિક મશીનો માણસને અશક્ય લાગતાં કામો કરવાની શક્તિ આપે છે, પરંતુ તેની સાથે ચોકસાઈ

## આજે શાસન પરિવર્તનની હાકલોનો વિરોધ કરતા ભાજપે પોતાનો ઇતિહાસ તપાસવો જોઇએ

આજના આંદોલનકારીઓ દ્વારા કરવામાં આવતી સત્તા પરિવર્તનની માગની ટીકા કરનારાઓએ ૧૯૭૦ના દાયકાના મધ્યમાં થયેલા પ્રખ્યાત જેપી (જયપ્રકાશ નારાયણ) આંદોલનના ઇતિહાસના એક અંશને યાદ કરી લેવો જોઈએ. તે આંદોલનનો મુખ્ય નારો કવિ રામધારી સિંહ 'દિનકર' દ્વારા રચવામાં આવ્યો હતોઃ સિંહાસન ખાલી કરો કી જનતા આતી હૈ (જનતા આવી રહી છે, સિંહાસન ખાલી કરો). વાસ્તવમાં, કટોકટી લાદવામાં આવી તેના એક દિવસ પહેલાં રામલીલા મેદાનમાં યોજાયેલી જેપીની અંતિમ રેલીમાં આ નારાથી આખું મેદાન ગુંજી ઊઠ્યું હતું. તે સ્પષ્ટપણે શાસન પરિવર્તન માટેનું આહ્વાન હતું.એ જ રેલીમાં, જેપીએ જનતાને તત્કાલીન વડાપ્રધાન ઇન્દિરા ગાંધીના નિવાસસ્થાનનો ઘેરાવ કરવા અને તેમની અવરજવર રોકવા વિનંતી કરી હતી. તેમણે પોલીસ અને સુરક્ષા દળોને પણ સરકારના બિનબંધારણીય આદેશોનું પાલન ન કરવા અપીલ કરી હતી. આ શક્તિપ્રદર્શનથી ગભરાઈને (રેલીમાં ૧ લાખથી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા), બીજા જ દિવસે ઇન્દિરા ગાંધીએ કટોકટીની જાહેરાત કરી દીધી અને સમગ્ર વિપક્ષના નેતાઓની ધરપકડ કરી લીધી. ભાજપના અગાઉના અવતાર એવા 'જનસંઘ' તેમજ RSS, સમાજવાદીઓ સાથે આ આંદોલનમાં પ્રમુખ ભાગીદાર હતા. અટલ બિહારી વાજપેયી અને નાનાજી દેશમુખ જેવા તેમના તમામ ટોચના નેતાઓ રામલીલા મેદાનની જેપીની એ રેલીમાં ઉપસ્થિત હતા. ૧૯૭૩ના અંતમાં જેમ-જેમ આંદોલન મજબૂત થતું ગયું, તેમ-તેમ મોટા પાયે હિંસા પણ થઈ હતી. બસો અને કારોમાં તોડફોડ કરવામાં આવી હતી, બેંકો લૂંટાઈ હતી અને સરકારી કચેરીઓમાં તોડફોડ કરવામાં આવી હતી.




બદલાવ માટેનું આહ્વાન એ જ આંદોલનોની મૂળ ભાષા છે. આવું પહેલાં પણ થયું છે, આજે પણ થઈ રહ્યું છે અને ભારત જ્યાં સુધી લોકશાહી રહેશે ત્યાં સુધી ભવિષ્યમાં પણ થતું રહેશે. જે ભાજપ એક સમયે વિપક્ષમાં રહીને સત્તા પરિવર્તન માટે લડતો હતો અને જે શાસનને બદલવા માગતો હતો, તેણે કોંગ્રેસ, CJP અને અન્યો પર આક્ષેપ કરતા પહેલાં પોતાના જ ઇતિહાસને યાદ કરી લેવો જોઈએ.

**ઈધર-ઉધરકી**
**આરતી જેરથ**

## પિતા અને પુત્રની શાસન સામેની લડાઇમાં વિધિની વક્રતા...!

તાજેતરમાં નેહા બોરા, અભિજીત દીપકે અને કપિલ સિબલ સાથેની પત્રકાર પરિષદમાં "શાસન પરિવર્તન" વિશે સૌપ્રથમ વાત કરનાર વકીલ પ્રશાંત ભૂષણ હતા. મહત્વની વાત એ છે કે તેઓ પણ જેપી આંદોલનનો વારસો ધરાવે છે. તેમના પિતા શાંતિ ભૂષણ, જેઓ પોતે પણ એક વકીલ હતા, તેઓ જેપી આંદોલનના અગ્રણી વ્યક્તિત્વોમાંના એક હતા અને સિંઘાસન ખાલી કરોના સૂત્ર સાથે ખૂબ જ સંકળાયેલા હતા. પિતા અને પુત્ર વચ્ચેનો તફાવત એ છે કે ભૂષણ સિનિયર કોંગ્રેસ સામે ભાજપ/જનસંઘ સાથે મળીને લડી રહ્યા હતા, જ્યારે ભૂષણ જુનિયર ભાજપ સરકાર સામે કોંગ્રેસ સાથે મળીને લડી રહ્યા છે. આ જ તો ઇતિહાસની વિડંબનાઓ છે.



## અમેરિકાની બાબતો અંગે વિદેશ મંત્રાલયની અવઢવ

વિદેશી બાબતોનું કવરેજ કરતા બીટ રિપોર્ટરોને ગયા અઠવાડિયે, અમેરિકી સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિઓ મુંબઈ પહોંચવાના હતા તેના થોડા દિવસો પહેલા હાઈ એલર્ટ પર મૂકવામાં આવ્યા હતા. વિદેશ મંત્રાલયે (MEA) તેમને એક તાકીદનો સંદેશ મોકલ્યો હતો કે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ફોન કરશે. વોશિંગ્ટન ડીસી અને નવી દિલ્હી વચ્ચેના સમયના તફાવતને ધ્યાનમાં રાખીને, આ ફોન કોલ મોડી રાત્રે થવાની અપેક્ષા હતી. રિપોર્ટરો આ ફોન કોલ અંગે વિદેશ મંત્રાલય તરફથી બ્રીફિંગ મેળવવાની રાહમાં મધ્યરાત્રિથી પણ વધુ સમય સુધી જાગતા રહ્યા. પરંતુ તે બ્રીફિંગ ક્યારેય ન થયું. અને આ ફોન કોલ આવ્યો હતો કે નહીં તે અંગે વિદેશ મંત્રાલયે મૌન સેવ્યું છે. વિદેશ મંત્રી એસ. જયશંકર માર્કો રુબિઓને મળવા માટે મુંબઈ જશે કે નહીં તે અંગેના વિવાદથી પણ બીટ રિપોર્ટરો મૂંઝવણમાં મુકાયા હતા. વિદેશ મંત્રાલયના સૂત્રોએ સંકેત આપ્યો હતો કે જયશંકર-રુબિઓની મુલાકાત થવાની શક્યતા ઓછી છે કારણ કે વિદેશ મંત્રી દુબઈ ગયા હતા. પછી અચાનક, ભારતમાં અમેરિકી એમ્બેસેડર સર્જિયો ગોરે એક જાહેર કાર્યક્રમમાં જાહેરાત કરી કે તેઓ અપેક્ષા રાખે છે કે રુબિઓ મુંબઈ ઉતરે ત્યારે જયશંકર તેમનું સ્વાગત કરશે. છેલ્લી ઘડી સુધી, વિદેશ મંત્રાલયે રહસ્યમય રીતે મૌન જાળવી રાખ્યું. માર્કો રુબિઓ મુંબઈ પહોંચ્યા તેના માત્ર એક દિવસ પહેલા જ મંત્રાલયે આ મુલાકાતની પુષ્ટિ કરી, જેનાથી મીડિયાકર્મીઓ વિચારતા થઈ ગયા કે અમેરિકી રાજદૂતે જે વાત પહેલાથી જ જાહેર કરી દીધી હતી, તે અંગે વાત કરવામાં વિદેશ મંત્રાલય આટલું ખચકાતું કેમ હતું?



# કેટલીક લડાઈ હથિયારથી નહીં, હિમ્મતથી જીતાય છે

ચિંચલી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર નિરવ ત્રિવેદી અને લોકલ ક્રાઈમ બ્રાન્ચના ઈન્સ્પેક્ટર જયદીપ રાઠોડ કૉફીના કપ સાથે ચુપચાપ બેઠા હતા. પરંપરાગત રીતે પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચને સાપ અને નોળિયાની જેમ જોવાય. પરંતુ આ બન્ને નોખા હતા, અનોખા હતા.

નિરવ ત્રિવેદી, 'યાર મારું મન જરાય માનતું નહોતું પણ તે જીદ કરીને મારી કેબિનમાં ફિટ

કરાવેલો સીસીટીવી કેમેરો ખુબ કામ લાગ્યો ને બહુ જલ્દી પણ. કાવ્યા રાણા મને ફસાવવાના પેતરામાં ઊંધા માથે પછડાઈ. થેન્ક...'.

નિરવને આગળ બોલતો રોકવા જયદીપે એમના મોઢા પર હાથ મુકી દીધો. અચાનક નિરવ ત્રિવેદી ઊભા થયા. 'જય, મને આપણી ફેવરિટ કવિતા યાદ આવી?'

જયદીપ રાઠોડ પરાણે ઊંચું જોતા, 'કઈ?'

નિરવ ત્રિવેદી, 'સુરેશ દલાલની. બહુ મન છે આજે એ તારા અવાજમાં સાંભળવાની. કરીશ ફરમાઈશ પુરી?'

જયદીપ રાઠોડ, ' આજે રહેવા દે. ફરી ક્યારેક...'

નિરવ ત્રિવેદી દોસ્તનો નો જમણો હાથ

**ક્રાઈમ કોડ**
**પ્રફુલ શાહ**

પકડે છે.

'તું વૃક્ષનો છાંયો છે,
નદીનું જળ છે..
ઊઘડતા આકાશનો ઉજાસ છે...'

આટલે આવીને નિરવ અટકી ગયા. એટલે જયદીપે ખોખારો ખાઈને કવિતા આગળ ચલાવી.

'તું મિત્ર છે.
તું થાક્યાનો વિસામો છે,
રઝળપાટનો આનંદ છે..
તું પ્રવાસ છે, સહવાસ છે..
તું મિત્ર છે.'

હવે બન્ને સાથે કાવ્ય પઠન કરવા લાગ્યા.

'તું એકની એક વાત છે,
દિવસ અને રાત છે,



**એક જુવાનિયાએ બીજાને કીધું,'ગામની બહાર આવેલી રમણ વિલા સામે કોઈ જોતું નથી ને ઈ બાજુ ફરકતું ય નથી તો શું લંડનથી આવીને રાકેશભાઈ એમાં ક્યારેય રહેવાનો થોડો છે?' 'ઈ ભલેને રહેવા નો આવે રાજુને તો કામ મળ્યું ને? નસીબ જોરમાં છે એના'**

કાયમી સંગાથ છે..
તું મિત્ર છે.
હું થાકું ત્યારે તારી પાસે આવું
હું છલકાઉં ત્યારે તને ગાઉં
હું તો બસ તને ચાહું..
તું મિત્ર છે.
તું વિરહમાં પત્ર છે,
મિલનમાં છત્ર છે..
તું અહીં અને સર્વત્ર છે !
તું મિત્ર છે.
તું બુદ્ધનું સ્મિત છે,
તું મીરાનું ગીત છે,
તું પુરાતન તોયે નૂતન
અને નિત છે !
તું મિત્ર છે.
તું સ્થળમાં છે,
તું પળમાં છે;
તું સકળમાં છે
અને તું અકળ છે !
તું મિત્ર છે...'

કવિતા પૂરી કરીને બન્ને એકમેકને ભેટીને એકસાથે બોલ્યા, 'થેન્ક યુ ડૉ. સુરેશ દલાલ'.

નિરવ ત્રિવેદી, 'યાર, કેટલીક લડાઈ હથિયાર કે બાહુબળથી નહીં, હિમ્મતથી લડાય છે ને જીતાય પણ છે'.

જયદીપ રાઠોડ, 'ક્યારેક મારા શ્વાસ ઓછા પડી શકે પણ હિમ્મત ક્યારેય નહીં ખુટે'. એ જ સમયે જયદીપનો ફોન રણકે છે. કોલરના નામમાં દેખાયુંઃ દિલ, સાથે હૃદયની સ્માઈલી. જયદીપે નિરવ સામે જોયુ. નિરવ હગ કરીને બોલ્યા, 'કેરી ઑન. ટેક કેર. બહુ જલ્દી મળીએ'. રવાના થતા નિરવને જોતા રહ્યા પછી જયદીપે 'દિલ'ના કોલને રિડાયલ કર્યો. કોલર ટ્યુન સંભળાવા લાગીઃ'કિસી કી મુસ્કુરાહટો પે હો નિસાર, કિસી કા દર્દ મિલ સકે તો લે ઉધાર, કિસી કે વાસ્તે હો તેરે દિલ મેં પ્યાર, જીના ઈસી કા નામ હૈ..'

આ રીંગટોન ખૂબ હૃદયસ્પર્શી લાગવાથી આ પોલીસમેને વિચિત્ર વિનંતી કરી હતી કે મારો કોલ જલ્દી ન ઉપાડવો, જયદીપ પીડા અને તાણ ભુલીને ગણગણવા માંડ્યા, 'કિસી કી મુસ્કુરાહટો પે હો નિસાર, કિસી કા દર્દ મિલ સકે તો લે ઉધાર...'

■■■

'ઉધાર નહીં માંગવાના... હું રોકડામાં માનું છું. ચલ જા બરાબર પાણીનો મારો કર', બાંધકામ કોન્ટ્રાક્ટર રાજુ બરાડ્યો. એ ભલે સેબાસ્ટીયન ગોન્સાલવિસ ઉર્ફે સબાનો દોસ્ત હોય. ચિંચલી ગામમાં કાનાફુસી થાય કે ખંધો રાજુ કામ અને દામ સિવાય કોઈનો સગો નહીં.

ગામમાં છાપ એવી કે રાજુ સાથે પંગો ન લેવો. પરંતુ મુશ્કેલીમાં સૌથી પહેલાં દોડી આવનાર પણ એ જ. કોઈ ગરીબનું ઘર બાંધવાનું હોય તો મજૂરીનો ભાગ માફ કરી દે, પણ વાત બહાર ન આવવા દે. કુથલીખોરો મુછમાં મરકતા કહે કે આ ભલામાનુષની ઈમેજ એના મળતિયાઓએ ફેલાવી છે. પોતાની નજરે આવો કેસ કોઈએ જોયો ખરો? રાજુ પૈસાની બાબતમાં એક-એક રૂપિયાનો હિસાબ રાખે. કામમાં ક્વોલિટી બાબતે અત્યંત કડક. મજૂરે એક ઈંટ પણ ઢીલી મૂકી હોય તો આખી દીવાલ તોડાવી ફરી ચણાવે એવો દાવો થાય છે. ધંધામાં નફો જોઈએ, પણ નીચતા નહી એવા રાજુના દાવાને કોઈ ગંભીરતાથી લે જ નહીં.

આવી શાખ ધરાવતો રાજુ ગામના છેવાડે આવેલા ખખડી ગયેલા મકાન 'રમણ વિલા'ની નવી બનેલી ભીત પર પાણી છાટતા મજુરોને પર વિફર્યો હતો.

'સાવ હરામના પેટનાવ છો એકેએક. તમારો પરદેશમાં બેઠેલો બાપ મારા ભરોસે બેઠો છે. ત્રણ વરસ પેલા લંડનથી આવ્યો ત્યારે રાકેશભાઈ ગળગળો થઈને હાથ જોડી ગયો કે રાજુ આ દાદાની આખરી નિશાની તમારે હવાલે મુકતો જાઉં છું. સાચવવામાં જરાય કચાસ રાખતા નહીં. ને તમે હાળા વેઠ ઉતારો છો? બરાબર પાણી છાટો. ક્યાય નાની અમથીય તિરાડ દેખાય તો આખી ભીતે સિમેન્ટનું પાણી લગાડો.'

રાજુની બૂમાબૂમે ભીડ ભેગી કરી. એક જુવાનિયાએ બીજાને કીધું,'ગામની બહાર આવેલી રમણ વિલા સામે કોઈ જોતું નથી ને ઈ બાજુ ફરકતું ય નથી તો શું લંડનથી

**અતા-પતા-લાપતા -26**

આવીને રાકેશભાઈ એમાં ક્યારેય રહેવાનો થોડો છે?'

'ઈ ભલેને રહેવા નો આવે રાજુને તો કામ મળ્યું ને? નસીબ જોરમાં છે એના'. રાજુએ પાછું વળીને જોયું તો બધાના મોઢા બંધ. તેણે મોબાઈલ ફોનના એક વોટ્સઅપ નંબર પર વોઈસ મેસેજ મોકલ્યો,'ન્યાય માંગવામાં વધુ વાર ન લગાડો'.

■■■

ક્યાય ન દેખાતી આયેશા ફરી બધા સોશ્યિલ મીડિયા પ્લેટફોર્મ પર છવાઈ ગઈ. જસ્ટીશફૉર આયેશા હેશટેગ સાથેના વીડિયો નંબર 2માં પહેલી રીલ પર પોલીસે સેવેલા મૌનની ટીકા કરાઈ, મજાક ઊડાડાઈ. પરંતુ પોલીસે કુંભકર્ણની ઊંઘમાંથી જગાડવા અને શાહમૃગી નીતિ નીતિ છોડાવવાના દાવા સાથે નવો વીડિયો રિલિઝ કરાયો. આ વીડિયોમાં ચિંચલી પોલીસ સ્ટેશનનો હવાલદાર અને સેબાસ્ટીયન ગોન્સાલવિસ ઉર્ફે સબા હતા જેમાં હવાલદાર બોલ્યો, 'મેડમ, તમારા કેસ માટે જ ગયા છે ક્યાંક. કે'તાતા કાઈક મોટું હાથ લાયગુ છે...'

સેબાસ્ટીયન, 'ખરેખર?'

હવાલદાર, 'હા. આવે એટલે ફોન કરું તમને...' સબાનો હાથ આપોઆપ દાઢી ખંજવાળવા લાગ્યો.' વારાફરતી આયેશા અને સેબાસ્ટીયન સાથે વૉઈસ ઓવર સંભળાયોઃ 'શું પોલીસને ખરેખર કાઈક મોટું હાથ લાગ્યું છે? હઃ, તો એ શું છે?ના, ખોટું શા માટે બોલાય છે? કોના ઈશારે? આમ આદમીએ ન્યાય માંગવા જવું ક્યાં?

■■■

અડધા કલાકમાં પોલીસ સુપ્રિટેન્ડન્ટ સુરેન્દ્ર પુષ્કર્ણાના પીએ યજ્ઞેશ શેટ્ટીનો આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર કાવ્યા રાણા પર ફોન આવ્યો, 'એક ફેક્સ મોકલું છુ. પ્લીઝ મશીન પાસે જઈને ચેક કરીને કહો કે મળી ગયો?'

કાવ્યા રાણા મશીન પાસે પહોંચી ત્યારે ફેક્સ ઉતર્યો. કાગળ વાચતા જ એના હાથ ધ્રુજવા લાગ્યા.

(ક્રમશઃ)

**સટ્ટાક — કમલ**

